11618

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઈ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

**આદરણીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઈચ્છુ છું !

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ગુજરાતના વેપારીઓની અગ્રગણ્ય સંસ્થા છે અને આપની સરકારે હંમેશાં વેપાર-ઉદ્યોગના વિકાસ માટે સાથ અને સહકાર આપ્યો છે આ જ કારણોસર વેપાર-ઉદ્યોગના વિકાસમાં ગુજરાતનો ફાળો નોંધપાત્ર છે.

અમદાવાદની વૈશ્વિક ઓળખ સમાન કાપડ ઉદ્યોગનો ફાળો ભૂતકાળમાં અને વર્તમાન માં પણ ગુજરાતના વિકાસમાં નોંધનીય રહ્યો છે. એક સમયે અમદાવાદ કાપડ ઉદ્યોગનું માન્ચેસ્ટર તરીકે પ્રખ્યાત હતું માટે જ ગુજરાતના વેપારીઓની સમસ્યા અને સુરક્ષાની ફરજ પણ એટલી જ જરૂરી છે.

સવિનય જણાવવાનું કે મસ્કતી કાપડ માર્કેટ મહાજનની રજૂઆતના અનુસંધાને કાપડ વ્યવસાયમાં પ્રતિષ્ઠિત વેપારી તેમજ મસ્કતી કાપડ મહાજનના માનદ્-મંત્રી અને અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીયેશનના ઉપ-પ્રમુખ શ્રી નરેશ શર્મા ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાના પ્રત્યાઘાતરૂપે તા. ૧૨-૯-૨૦૧૯ના રોજ બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેમાં પાંચકુવા માર્કેટ મહાજન, ગુજરાત ગાર્મેન્ટ મેન્યુફેક્ચરીગ એસોસીયેશન, સિંધી કાપડ માર્કેટ મહાજન, રેવડીબજાર, એલ.કે. ટ્રસ્ટ માર્કેટ, બી.વી.સી. માર્કેટ, કામધેનું

માર્કેટ, ધનલક્ષ્મી માર્કેટ, બોમ્બે માર્કેટ, એચ.એ. માર્કેટ, આસ્ટોડીયા રંગાટી માર્કેટ, હીરાભાઈ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, ન્યુ ક્લોથ માર્કેટ, ડી.સી. ક્લોથ માર્કેટ, સુગ્નમલ માર્કેટ સહિત સમગ્ર કાપડ ઉદ્યોગના ૮૦ બજારોએ સંપૂર્ણપણે બંધ પાળ્યો હતો. આ બંધમાં ૪૦,૦૦૦ જેટલા વેપારીઓ જોડાયા હતા અને આ બંધથી આશરે રૂા. ૪૦૦૦ કરોડનું કાપડ ઉદ્યોગને નુકશાન થયું છે.

ગુજરાત જેવા વિકાસશીલ રાજ્યને આ પ્રકારનું નુકશાન ખુબજ મોટું છે. આ ઉપરાંત દરેક વેપારીઓમાં અત્રે એક ગભરાટ ઉભો થયો છે અને કાપડ ઉદ્યોગમાં અસલામતિનું વાતાવરણ ઉભું થયું છે જે કોઇ પણ પ્રકારના વિકાસ માટે યોગ્ય નથી.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સમગ્ર એસોસીયેશનો અને મહાજનો વતી આપશ્રીને નમ્ર વિનંતી છે કે આ બાબતમાં ઘટતું કરવા યોગ્ય સૂચના આપવા અને કાપડના વેપારીઓને ન્યાય અપાવવા વિનંતી છે જેથી ભવિષ્યમાં આ પ્રકારના બનાવોને રોકી શકાય.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સમગ્ર વેપારી આલમ વતી આ ઘટનાને સખત શબ્દોમાં વખોડે છે અને આ અંગે ત્વરિત પગલાં લેવા અમારી આપશ્રીને વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

બિડાણ : ઉપર મુજબ

11618

Durgesh V. Buch
President
Natubhai Patel
Sr. Vice President
Bhargav Thakkar
Vice President
Sanjeev Chhajer
Secretary
Dilip M. Padhya
Secretary (R)
Pathik S. Patwari
Treasurer

૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા**
*માનનીય મંત્રીશ્રી*
ગૃહ અને ન્યાય વિભાગ
ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૦૦૧૦.

**માનનીય મંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ગુજરાતના વેપારીઓની અગ્રગણ્ય સંસ્થા છે અને આપની સરકારે હંમેશાં વેપાર-ઉદ્યોગના વિકાસ માટે સાથ અને સહકાર આપ્યો છે આ જ કારણોસર વેપાર-ઉદ્યોગના વિકાસમાં ગુજરાતનો ફાળો નોંધપાત્ર છે.

અમદાવાદની વૈશ્વિક ઓળખ સમાન કાપડ ઉદ્યોગનો ફાળો ભૂતકાળમાં અને વર્તમાન માં પણ ગુજરાતના વિકાસમાં નોંધનીય રહ્યો છે. એક સમયે અમદાવાદ કાપડ ઉદ્યોગનું માન્ચેસ્ટર તરીકે પ્રખ્યાત હતું માટે જ ગુજરાતના વેપારીઓની સમસ્યા અને સુરક્ષાની ફરજ પણ એટલી જ જરૂરી છે.

સવિનય જણાવવાનું કે મસ્કતી કાપડ માર્કેટ મહાજનની રજૂઆતના અનુસંધાને કાપડ વ્યવસાયમાં પ્રતિષ્ઠિત વેપારી તેમજ મસ્કતી કાપડ મહાજનના માનદ્-મંત્રી અને અમદાવાદ ટેક્ષટાઇલ પ્રોસેસર્સ એસોસીયેશનના ઉપ-પ્રમુખ શ્રી નરેશ શર્મા ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાના પ્રત્યાઘાતરૂપે તા. ૧૨-૯-૨૦૧૯ના રોજ બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેમાં પાંચકુવા માર્કેટ મહાજન, ગુજરાત ગાર્મેન્ટ મેન્યુફેક્ચરીગ એસોસીયેશન, સિંધી કાપડ માર્કેટ મહાજન, રેવડીબજાર, એલ.કે. ટ્રસ્ટ માર્કેટ, બી.વી.સી. માર્કેટ, કામધેનું

માર્કેટ, ધનલક્ષ્મી માર્કેટ, બોમ્બે માર્કેટ, એચ.એ. માર્કેટ, આસ્ટોડીયા રંગાટી માર્કેટ, હીરાભાઇ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, ન્યુ ક્લોથ માર્કેટ, ડી.સી. ક્લોથ માર્કેટ, સુગ્નમલ માર્કેટ સહિત સમગ્ર કાપડ ઉદ્યોગના ૮૦ બજારોએ સંપૂર્ણપણે બંધ પાળ્યો હતો. આ બંધમાં ૪૦,૦૦૦ જેટલા વેપારીઓ જોડાયા હતા અને આ બંધથી આશરે રૂા. ૪૦૦૦ કરોડનું કાપડ ઉદ્યોગને નુકશાન થયું છે.

ગુજરાત જેવા વિકાસશીલ રાજયને આ પ્રકારનું નુકશાન ખુબજ મોટું છે. આ ઉપરાંત દરેક વેપારીઓમાં અત્રે એક ગભરાટ ઉભો થયો છે અને કાપડ ઉદ્યોગમાં અસલામતિનું વાતાવરણ ઉભું થયું છે જે કોઇ પણ પ્રકારના વિકાસ માટે યોગ્ય નથી.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સમગ્ર એસોસીયેશનો અને મહાજનો વતી આપશ્રીને નમ્ર વિનંતી છે કે આ બાબતમાં ઘટતું કરવા યોગ્ય સૂચના આપવા અને કાપડના વેપારીઓને ન્યાય અપાવવા વિનંતી છે જેથી ભવિષ્યમાં આ પ્રકારના બનાવોને રોકી શકાય.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સમગ્ર વેપારી આલમ વતી આ ઘટનાને સખત શબ્દોમાં વખોડે છે અને આ અંગે ત્વરિત પગલાં લેવા અમારી આપશ્રીને વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

બિડાણ : ઉપર મુજબ

# Maskati Cloth Market Association
## મસ્કતી કાપડ માર્કેટ મહાજન

સ્થાપના : સને ૧૯૦૬

વેપાર સંગઠન સેવા

| President : | Vice President : | Hon. Secretary : | Jt. Hon. Secretary : | Treasure : |
|---|---|---|---|---|
| Gaurang Ramprasad Bhagat | Kantilal Bhanwarlal Kothari | Nareshkumar Ramgopal Sharma | Jitendrakumar Lalbhai Shah | Kumarpal Himatmal Jain |

**MARKET ANALYSIS & ARBITRATION COMMITTEE (MAAC)**

(Sub. Committee of Mahajan Managing Committee)

Kantilal Sanghvi (Convener)

પ્રતિ,

તારીખ: ૧૪-૯-૨૦૧૯

**પ્રમુખશ્રી**
**ગુજરાત વેપારી મહામંડળ**
**આશ્રમરોડ,**
**અમદાવાદ:**

શ્રીમાન,

સવિનય જણાવવાનું કે ..., કાપડ વ્યવસાયના પ્રતિષ્ઠીત વેપારી તેમજ મસ્કતી કાપડ મહાજનના માનદમંત્રી અને અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશનના ઉપપ્રમુખશ્રી નરેશભાઈ શર્મા. જેઓ વ્યાપાર અનુસંધાને તેમના બાકી પેમેન્ટ માટે સામેના વેપારી સાથે વાતકરીને તેમના કહેવા મુજબ દર્શાવેલ સ્થળે લેવા ગયા, બાદમાં તેમનો વિશ્વાસ સંપાદન કરી તેમને અન્ય સ્થળે, સરદારનગર નરોડા લઈ ગયા અને ત્યાં પૂર્વઆયોજીત લુખ્ખા અને મવાલી ગુંડા તત્વોનો આશરો લઈ બેરહેમીથી ઢોર માર મારી, જીવલેણ હુંમલો કરેલ છે. આ રીતે સામેના વેપારીએ તેમની સાથે વિશ્વાસઘાત કરેલ છે.

શહેરના વેપારી આલમ માટે આ પડકારજનક બીના કહેવાય, જે સભ્ય વેપારી સમાજ પાસે અપેક્ષા પણ ન હોય તેવું કૃત્ય સામેના વેપારીએ કર્યુ છે જેને મહાજને તથા શહેરના અન્ય પ્રમુખ મહાજનોએ સખત શબ્દમાં વખોડી આવા તત્વોને તત્કાલ પકડી દાખલારુપ સખત સજા થવી જોઈએ કે જેથી ભવિષ્યમાં આવી બીના ન બને. આવા વેપારી જોડે વ્યાપાર વહેવાર પણ સંદતર બંધ કરી દેવો જોઈએ તેવો એકસુર હતો.

આ અંગે મહાજન સાથે અન્ય વેપારી મહાજનોએ એક થઈ એક દિવસ પ્રતિક બંધ પાળ્યો હતો અને સરકારમાં ઉચ્ચ કક્ષાએ, પોલીસ ડીપાર્ટમેન્ટ માં પણ અસરકારક રજુઆત દ્વારા આ અંગે સખત કાર્યવાહી કરવા રજુઆત કરેલ છે ઉપરોકત બાબતની ગંભીરતા સમજી રાજ્યના સમસ્ત વેપારી આલમનું પ્રતિનિધીત્વ કરતાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને પણ આ બાબતે સરકારમાં રજુઆત કરવા અમે આપને વિનંતી કરીએ છીએ.

ખાસ નોંધ – આ બંધ માં ૬૦ થી વધારે માર્કેટ/એસો/મહાજનોના અંદાજે ૨૦,૦૦૦ થી વધુ મેમ્બરો ના પ્રમુખો/ભાઈઓએ સહકાર આપેલ છે.

આપના સહકારની અપેક્ષા સહ,

ગૌરાંગ ભગત.

**ગૌરાંગ ભગત**
**પ્રમુખ**

GCCI
16 SEP 2019
Inw. No. 1872

Reg. Off. 42, Maskati Cloth Market, Railwaypura, Ahmedabad-380 002. Ph. : 079 - 22135342
E-mail : maskatimahajan1906@gmail.com - www.maskaticlothmahajan.org
Admin Off. Maskati Mahajan Hall, 2nd Floor, Gate No. 2, New Cloth Market, Ahmedabad-380 002. Ph. : 079 - 22172232

ગુજરાત સમાચાર

તા-11/9/2019

## કાપડ બજારના વેપારીઓએ ગુંડા તત્વો સામે બાંયો ચઢાવી

# ઉઘરાણીએ ગયેલા વેપારી પર હુમલાના કેસમાં કાપડ બજારમાં ગુરૂવારે બંધ પાળવામાં આવશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,મંગળવાર

માલ આપ્યા પછી બાકી નીકળતા લેણા લેવા માટે વેપારીના કહેવાથી તેની જ સાથે તેના ઘરે ગયેલા અમદાવાદ ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ નરેશ શર્મા પર કરવામાં આવેલા હુમલાના વિરોધમાં કાપડના વેપાર સાથે સંકળાયેલા અમદાવાદના પંદરથી વધુ બજારોએ ગુરૂવારે એક દિવસનો બંધ પાડવાનો નિર્ણય કર્યો છે. આ બંધ પાળવા ઉપરાંત ગુનેગારોને પકડીને આકરામાં આકરી સજા કરવા માટે પોલીસ કમિશનરને મળીને આવતીકાલે રજૂઆત કરવામાં આવશે.

## વેપારી પરના હુમલા વખતે ગયેલા વિધાનસભ્ય બલરામ થાવાણી ઘટના સ્થળે પહોંચ્યા પણ ગુંડાઓએ તગેડી મૂક્યા

કાપડના વેપારી પરના હુમલાના વિરોધમાં મસ્કતી કાપડ માર્કેટ, સિંધિ માર્કેટ કાપડ મહાજન, ઘંટાકર્ણ માર્કેટ એસોસિયેશન, હીરાભાઈ માર્કેટ એસોસિયેશન. બોમ્બે માર્કેટ એસોસિયેશન, શ્રી પાંચકૂવા કાપડ મહાજન, ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન, આસ્ટોડિયા ન્યુ રંગાટી કાપડ મહાજન, સુગ્નોમલ માર્કેટ એસોસિયેશન, ગુજરાત ટ્રેડર્સ એસોસિયેશન, સફલ માર્કેટ ૧, ૨ અને ૩, ન્યુ ક્લોથ માર્કેટ, અમદાવાદ વેપારી મહાજન, રંગવાલા માર્કેટ એસોસિયેશન, ડિસી ક્લોથ માર્કેટ એસોસિયેશનનો સમાવેશ થાય છે. તેમણે વેપારી પરના હુમલાને વખોડી કાઢીને વેપારી પરના હુમલાના વિરોધમાં વેપારીઓ બેનર અને સૂત્રોચ્ચાર વિના શાંતિ પૂર્ણ બંધ પાડવાનો નિર્ણય કર્યો છે. ગુરૂવાર, બારમી સપ્ટેમ્બરે બંધ પાળવામાં આવશે. ધંધાના બાકી લેણા લેવા ગયેલા વેપારી પરના હુમલાની ઘટનાને તેમણે વખોડી કાઢી હતી.

બીજીતરફ નરેશ શર્મા પર હુમલો થયાની જાણ કરવામાં આવતા વિધાનસભ્ય બલરામ થાવાણી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પરંતુ ગુંડાગીરી કરનારા પરિબળોએ તેમને ત્યાંથી ભગાડી મૂક્યા હતા. પરિણામે ગુંડા તત્વો સામેની આ ફરિયાદમાં તેઓ પણ જોડાય તેવી માગણી વેપારીઓના પ્રતિનિધિઓએ કરી છે. આ વિસ્તારના સીસીટીવી ફૂટેજ પણ મેળવીને તપાસ કરવામાં આવે તેવી સંભાવના છે. પરંતુ ગુંડા તત્વોએ સી.સી.ટી.વી. કૅમેરા તોડી નાખ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસે પણ એફ.આઈ.આર. કરવામાં વિલંબ કર્યો તેથી સરકારના ઉચ્ચ વર્તુળોની મદદ લઈને એફઆઈઆર કરાવવાની ફરજ પડી હતી. રાજકીય પીઠબળ ધરાવતા બુટલેગરના ગુંડાઓ મારફતે આ હુમલો કરાવવામાં આવ્યો છે. આ હુમલામાં વેપારીનો જીવ જાય તેવી સ્થિતિ હતી. આ સંજોગોમાં હવે વેપાર કેવી રીતે કરવો તેનો વિચાર કરીને વેપારીઓ ગભરાઈ રહ્યા છે. તેથી જ આ પ્રકારની ઘટનાઓ સામે વિરોધ નોંધાવવા એકજૂટ થયા છે. એકલો વેપારી લડી ન શકે તેથી દરેક વેપારીએ આ સ્થિતિનો ભોગ બનેલા વેપારીની પડખે રહેવું તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

કાપડ બજારના વેપારીઓના એસોસિયેસનની આજે મળેલી બેઠકમાં તેમણે વેપારીઓ દ્વારા કરવામાં આવતા વેપારની પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે ચર્ચા કરી હતી. તેમ જ વેપારીઓની વસૂલીના ચેક બેન્કમાં સિકરાયા વિના પરત થતાં હોય તેવા કિસ્સામાં સામો વેપારી પૈસા ન ચૂકવે ત્યાં સુધી તેને જામીન ન આપવાની જોગવાઈ દાખલ કરવા માટે રજૂઆત કરવાનું નક્કી કરાયું હતું. કેન્દ્રના કાયદા મંત્રી રવિશંકરની આવતીકાલની મુલાકાત દરમિયાન તેમની સમક્ષ પણ આ મુદ્દે રજૂઆત કરવામાં આવશ. આ જ રીતે સરકારને મોટો ટેક્સ આપતા કાપડના વેપારીઓને ન્યાય અપાવવા સરકાર સક્રિય બને તેવી માગણી કરવામાં આવી રહી છે. જોકે વેપારીઓનો એક વર્ગ માને છે કે સરકાર તરફથી સહકાર ન આપવામાં આવે તો સરકારને ટેક્સ આપવાનું બંધ કરવો જોઈએ.

DNA

Dt. 11/9/2019

# Textile traders to go on strike tomorrow

Keyur Dhandeo
keyur.dhandeo@dnaindia.net



Picture for representation

**THE TRIGGER**

- **Traders to protest against a near-fatal attack by goons on a textile processor Naresh Sharma, who was recovering his dues**

Textile traders of close to a dozen markets the city have announced a bandh on Thursday, following a near-fatal attack on leading businessmen in the textile processing sector. A meeting of various trade bodies was held on Tuesday to discuss the course action. The case has been brought to the notice of the Home Ministry. Businessmen have urged the government to take strict action against the traders who are using goons to beat up and threaten fellow brethren.

Gaurang Bhagat, president of Maskati Kapad Market Mahajan told DNA that Naresh Sharma, president of Textile Processors Association – Ahmedabad was attacked on Sunday night when he sought recovery from local traders Manoj and Rocky. After being thrashed, Sharma was admitted to the Intensive Care Unit (ICU) of a local hospital. Members and office bearers of Mahajan have taken this issue seriously and warned that if such cases continue, it will aggravate economic and business slowdown and business confidence would witness a decline.

As per the complaint filed with Naroda police station, Manoj and Rocky were supposed to pay Sharma a net sum of Rs 9.75 lakh. The payment terms were decided recently. When Sharma, along with one of his employees, went to collect money, he was thrashed by two unknown persons. One identified himself as 'Babu Sindhi' and the other as a 'man of Jitu Body'.

Bhagat told that traders using goons to settle payments will not be allowed. "Such buyers promise the goons that they would pay him 10% or 20% of the settlement amount if they ensure that settlement is cancelled. This cannot be tolerated," said Bhagat.

He said that Mahajan is firm that traders will have to honour the deals made. He also informed that of late a number of frauds related to Post Dated Cheques (PDCs) have been reported, where either the traders refuse to pay or the cheques have signatures of unauthorised persons.

SANDESH 11/9/19 AHMEDABAD

ભારે વરસાદ છતાં મસ્કતી મહાજનની મિટિંગમાં એક હજાર વેપારીઓએ બંધને સમર્થન આપ્યું

# પ્રોસેસ હાઉસના માલિક પર હુમલો : ગુરુવારે કાપડ બજારો બંધ

**વિરોધ** પેમેન્ટ લેવા બોલાવીને ફેક્ટરી માલિક ઉપર જીવલેણ હુમલો કરવાની પ્રથમ ઘટનાથી ઘેરા પ્રત્યાઘાતો

। અમદાવાદ ।

નારોલમાં આવેલી આકાશ ટેક્સ્ટાઇલના માલિક નરેશ શર્મા ઉપર સરદારનગરના માથાભારે લુખ્ખા તત્વોએ લાકડીઓથી જીવલેણ હુમલો કરતા આજરોજ કાલુપુરમાં મસ્કતી કાપડ માર્કેટમાં મહાજનની બેઠક બપોરના ૪. વાગે મળી હતી. બેઠકમાં શહેરના તમામ કાપડ માર્કેટના વેપારીઓ અને હોદેદારો મળીને કુલ એક વેપારીઓ હાજર રહ્યા હતા. લુખ્ખા તત્વો ભવિષ્યમાં આવી કોઇ ઘટનાને અંજામ આપે નહિ તે તમામ વેપારીઓએ ગુરૂવારે માર્કેટ બંધના એલાનને સમર્થન આપ્યુ હતુ. મહાજનના હોદેદારો ગૃહમંત્રીને મળીને આવા તત્વોને પાસામાં ધકેલી દેવાની રજૂઆત કરશે. પેમેન્ટ માટે બોલાવીને ગુંડાઓ દ્વારા ફેક્ટરી માલિક ઉપર જીવલેણ હુમલો કરવની પ્રથમ ઘટના બની છે અને તેના કાપડ બજાર પર ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર કાપડ બજારમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે અને આરોપીઓને સખત સજા થવી જોઇએ તેવી વેપારી આલમમાંથી માગણી ઉઠી છે. મસ્કતી મહાજન કાપડ માર્કેટના પ્રમુખ ગૌરાંગ ભગતે જણાવ્યું કે, કાપડ માર્કેટના વેપારીઓની ઉઘરાણીની રકમ ઘણા સમયથી પેન્ડીગ છે. વેપારી ઉઘરાણી કરે એટલે ગુંડાઓ બોલવીને માર મારવામાં આવે છે. લેભાગુ વેપારીઓ અને ઉઘરાણી કરવા જતા વેપારીઓ સામે પોલીસ ફરિયાદ કરીને કેસને દબાવી દેવોના પ્રયત્ન કરવામાં આવે છે જેથી ગૃહમંત્રીને લુખ્ખા તત્વાને સામે કડક કાર્યવાહી કરીને પાસામાં ધકેલી દેવાી રજૂઆત કરાશે. ભારે વરસાદ હોવા છતાં એક હજાર વિરોધી બંધ એલાને ટેકો આપવા હાજર રહ્યા હતા. જો આમ જ ચાલ્યા કરશે તો કાપડ બજારમાં અસલામતીનુ વાતાવરણ ઉભુ થશે.

**શહેરના કયાં માર્કેટ બંધ રહેશે**

મસ્કતી કાપડ માર્કેટ,સિંધી કાપડ માર્કેટ, શ્રી ઘંટાકર્ણ માર્કેટ, હિરાભાઇ માર્કેટ, બોમ્બે માર્કેટ, પાચકુવા કાપડ મહાજન, ગુજરાત ગારમેન્ટ એસો.
એશન,ઓસ્ટોડિયા રંગાટી બજાર,સુગ્નોમલ માર્કેટ,ગુજરાત ટ્રેડર્સ એસોસિયેશન,સફલ-૧,૨,૩, અમદાવાદ વેપારી મહાજન, રંગવાલા માર્કેટ,

નવગુજરાત સમય

Dt. 13/9/2019

### વેપારીઓ ગુંડાગીરી સામે લડી લેવાના મૂડમાં

# અમદાવાદનું કાપડ બજાર જડબેસલાક બંધ રહ્યું

**» મસ્કતિ કાપડ મહાજનના અગ્રણી પરના હુમલાના વિરોધમાં બંધ પાળ્યો**

**નવગુજરાત સમય** > અમદાવાદ

મસ્કતિ કાપડ મહાજનના સેક્રેટરી નરેશ શર્મા પરના જીવલેણ હુમલાના વિરોધમાં ગુરુવારે અમદાવાદના તમામ કાપડ બજારો બંધ રહ્યા હતા. કાપડના હજારો વેપારીઓએ બંધ પાળીને અસામાજિક તત્વો સામે વેપારીઓ નહીં ઝૂકે તે વાત સાબિત કરી દીધી હતી. વેપારીઓનો મિજાજ જોતાં સરકાર અને પોલીસ તંત્ર પણ દોડતું થઇ ગયું છે. આગામી દિવસોમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેવી જડબેસલાક વ્યવસ્થા ઉભી કરવા માટે પણ વેપારી દ્વારા સરકાર સમક્ષ માગણી કરી રહ્યા છે.

અમદાવાદની વૈશ્વિક ઓળખ સમાન કાપડ ઉદ્યોગ હાલ મંદીના મારમાં પીસાઇ રહ્યો છે. ત્યારે જ મોટા ભાગના વેપારીઓએ તેમની લાખો- કરોડોની ઉઘરાણી પૂરી કરવાની કવાયત શરૂ કરી છે. દેશભરના વેપારીઓને અમદાવાદના વેપારીઓ પાસેથી ઉધારમાં કાપડ ખરીદવું છે, પરંતુ અગાઉના બાકી ચૂકવણા પૂરા કરવા નથી. ત્યારે જ વેપારીઓએ હાલ વેપાર બંધ કરીને ઉઘરાણી ઉપર ભાર મુક્યો છે.

મસ્કતિ કાપડ મહાજનના નરેશ શર્માને પણ ઉઘરાણીના રૂપિયા આપવાનું કહી તેમને સરદારનગર લઇ જઇ તેમના ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

**કઇ માર્કેટ બંધ રહી**

મસ્કતિ કાપડ મહાજન, સિંધી માર્કેટ કાપડ મહાજન, હીરાભાઇ માર્કેટ, બોમ્બે માર્કેટ, પાંચકુવા કાપડ મહાજન, ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસો. આસ્ટોડિયા ન્યુ રંગાટી કાપડ મહાજન, સુગ્નોમલ માર્કેટ, ગુજરાત ટ્રેડર્સ એસો. સફળ ૧,૨ અને ૩ માર્કેટ, ન્યુ ક્લોથ માર્કેટ, અમદાવાદ વેપારી મહાજન, રંગવાલા માર્કેટ, ડીસી ક્લોથ માર્કેટ, બીબીસી માર્કેટ, હરીઓમ માર્કેટ, નુતન માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, મહાવીર માર્કેટ સહિત ૮૦થી વધુ માર્કેટ બંધ રહ્યા હતા.

નવગુજરાત સમય

Dt- 13/9/2019

## જાહેર આભાર - વિનંતી

અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશન તેમના વાઈસ પ્રેસીડેન્ટતેમજ મસ્કતી કાપડ મહાજનના સેક્રેટેરીશ્રી નરેશભાઈ શર્મા પર વ્યવસાયિક કામ માટે મુલાકાત કરવા દરમ્યાન, તેમની ઉપર અસામાજિક તત્વો દ્વારા ઘાતક હુમલો કરવાની ઘટનાને વખોડી કાઢે છે. તેમજ આ બાબતે જરૂરી પોલીસ કેસ કરતા, ગૃહ ખાતા અને પોલીસ ખાતા તરફથી તાકીદે કાર્યવાહી કરી અને પગલા લેવા બદલ તેમજ મસ્કતી કાપડ મહાજન ના પ્રમુખશ્રી ગૌરાંગ ભગતના આ બાબતે પ્રયત્નો પરત્વે એસોસીએશન તેમનો હાર્દિક આભાર માને છે.

જો આ પ્રકારે ઘટનાઓ બનતી રહે તો, વ્યાપાર ઉદ્યોગો ચલાવવા ખુબજ મુશ્કેલ બને. આથી ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓ ના બને અને વ્યાપાર અને ઉદ્યોગો ને આ પ્રકારની ભયજનક પરિસ્થિતિને બદલે શાંતિ થી કામ કરી શકે, તેમજ આ પ્રકારના અસામાજિક તત્વો સામે કડક પગલા લઈ અને રાજ્યમાં કાયદો તથા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા માટે અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશન રાજ્ય સરકાર ના ગૃહ ખાતા તથા પોલીસ ખાતાને વિનંતી કરે છે. તથા સહકાર બદલ તંત્રનો આભાર વ્યક્ત કરે છે.

**અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશનનાં હોદ્દેદારો**

## જાહેર આભાર

**મસ્કતી કાપડ મહાજનના સેક્રેટરી** તેમજ અમદાવાદ ટેક્ષટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનના વાઇસ પ્રેસીડેન્ટ **શ્રી નરેશભાઇ શર્મા** પર અસામાજિક તત્વો દ્વારા ઘાતક હુમલો કરવાની ઘટનાના વિરોધમાં મસ્કતી કાપડ મહાજન, સિંધી માર્કેટ કાપડ મહાજન, હીરાભાઇ માર્કેટ, બોમ્બે માર્કેટ, પાંચકુવા કાપડ મહાજન, ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન, આસ્ટોડીયા ન્યુ રંગાટી કાપડ મહાજન, સુગ્નોમલ માર્કેટ, ગુજરાત ટ્રેડર્સ એસોસીએશન, સફલ માર્કેટ ૧, ૨ અને ૩, ન્યુ ક્લોથ માર્કેટ, અમદાવાદ વેપારી મહાજન, રંગવાલા માર્કેટ, ડી.સી. ક્લોથ માર્કેટ, બી.બી.સી. માર્કેટ, હરી ઓમ માર્કેટ, નૂતન માર્કેટ તથા **"આકાશ ફેશન એન્ડ પ્રિન્ટ્સ પ્રા. લી."** સહિત તમામ સંસ્થાઓ દ્વારા તા.૧૨/૦૯/૨૦૧૯ ને ગુરુવારના રોજ તેમના ધંધા - ઉદ્યોગો બંધ રાખી અને બંધના એલાન માં એકતા દર્શાવી અને સંપૂર્ણ સહકાર આપેલ છે. પોલીસ તથા સરકારે પણ આ ઘટના બાદ તરતજ અસામાજીક તત્વો સામે પગલા લેવાની કવાયત શરૂ કરી દીધી હતી તે બદલ

**આકાશ ફેશન એન્ડ પ્રિન્ટ્સ પ્રા. લી. પરીવાર**

**ઉપરોકત તમામ એસોસીએશન, સરકાર, પોલીસ તંત્ર**
**તથા**
**અમદાવાદ ટેક્ષટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનનો**
**પણ હૃદયપૂર્વક આભાર માને છે.**

સંદેશ

Dt- 13/9/2019

# અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસો.ના ઉપપ્રમુખ નરેશ શર્મા પર હુમલો

અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશનના વાઈસ પ્રેસિડેન્ટ તેમજ મસ્કતી કાપડ મહાજનના સેક્રેટરીશ્રી નરેશભાઈ શર્મા પર વ્યવસાયિક કામ માટે મુલાકાત કરવા દરમ્યાન, તેમની ઉપર અસામાજિક તત્ત્વો દ્વારા ઘાતક હુમલો કરવાની ઘટનાને વખોડી કાઢે છે. તેમજ આ બાબતે જરૂરી પોલીસ કેસ કરતા, ગૃહ ખાતા અને પોલીસ ખાતા તરફથી તાકીદે કાર્યવાહી કરી અને પગલા લેવા બદલ તેમજ મસ્કતી કાપડ મહાજનના પ્રમુખશ્રી ગૌરાંગ ભગતના આ બાબતે પ્રયત્નો પરત્વે એસોસીએશન તેમનો હાર્દિક આભાર માને છે.

જો આ પ્રકારે ઘટનાઓ બનતી રહે તો, વ્યાપાર ઉદ્યોગોને આ પ્રકારની ભયજનક પરિસ્થિતિને બદલે શાંતિથી કામ કરી શકે, તેમજ આ પ્રકારના અસામાજિક તત્ત્વો સામે કડક પગલા લઈ અને રાજ્યમાં કાયદો તથા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા માટે અમદાવાદ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસીએશન રાજ્ય સરકારના ગૃહ ખાતા તથા પોલીસ ખાતાને વિનંતી કરે છે.


## જાહેર આભાર

અમદાવાદ ટેક્ષટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનના વાઇસ પ્રેસિડિન્ટ તેમજ મસ્કતી કાપડ મહાજનના સેક્રેટરીશ્રી નરેશભાઇ શર્મા પર અસામાજિક તત્વો દ્વારા ઘાતક હુમલો કરવાની ઘટનાના વિરોધમાં મસ્કતી કાપડ મહાજન, સિંધી માર્કેટ કાપડ મહાજન, હીરાભાઇ માર્કેટ, બોમ્બે માર્કેટ, પાંચકુવા કાપડ મહાજન, ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન, આસ્ટોડીયા ન્યુ રંગાટી કાપડ મહાજન, સુઓમલ માર્કેટ, ગુજરાત ટ્રેડર્સ એસોસીએશન, સક્લ માર્કેટ ૧, ૨ અને ૩, ન્યુ કલોથ માર્કેટ, અમદાવાદ વેપારી મહાજન, રંગવાલા માર્કેટ, ડી. સી. કલોથ માર્કેટ, બી.બી.સી. માર્કેટ, હરીઓમ માર્કેટ, નૂતન માર્કેટ તથા આકાશ ફેશન એન્ડ પ્રિન્ટ્સ પ્રા. લી. સહિત તમામ સંસ્થાઓ દ્વારા તા. ૧૨/૦૯/૨૦૧૯ને ગુરુવારના રોજ તેમના ધંધા-ઉદ્યોગ બંધ રાખી અને બંધના એલાનમાં એકતા દર્શાવી અને સંપૂર્ણ સહકાર આપેલ છે.

**આ સહકાર બદલ તમામ એસોસીએશનનો તથા અમદાવાદ ટેક્ષટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનનો અને ત્વરીત પગલાં લેવા બદલ ગુજરાત સરકારનો પણ હૃદયપૂર્વક આભાર માને છે.**

**લિ. આકાશ ફેશન એન્ડ પ્રિન્ટ્સ પ્રા. લી. પરીવાર**

13/9/19

# 40 હજાર વેપારીએ બંધ પાળ્યો ચાર હજાર કરોડનું નુકસાન

## વેપારી પર થયેલા હુમલાના વિરોધમાં કાપડ બજાર બંધ રહ્યું

ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ

કાપડના વેપારી પર થયેલા હુમલાના વિરોધમાં ગુરુવારે કાપડ બજારોએ બંધ પાડી વિરોધ દર્શાવ્યો હતો. શહેરના નાના મોટા તમામ કાપડના બજારોના 40 હજાર કાપડના વેપારીઓ બંધ પાળતા અંદાજિત રૂ. 4 હજાર કરોડનું ટર્નઓવર ઠપ થઈ ગયું હતું. વેપારીઓ સાથે થઈ રહેલી છેતરપીંડી અને તેમના સલવાયેલા નાણા પરત લેવામાં હુમલાઓને રોકવા માટે મોટી સંખ્યામાં વેપારીઓ સામુહિક બંધ પાળ્યો હતો અને ઘટનાને વખોડી આવા તત્વો સામે પગલાની માગ કરી હતી.



### વેપારીઓના હિતમાં પગલાંની માગ

*કાપડના વેપારી પર થયેલા હુમલાના વિરોધમાં શહેરના તમામ કાપડના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાડીને અસામાજિક તત્ત્વો સામે વિરોધ વ્યક્ત કર્યો છે. ગુરુવારે શાંતિપૂર્વક કાપડના બજારો બંધ રહ્યાં હતા. જોડાયેલા તમામ વેપારીઓને આ તકલીફ છે માટે વેપારીઓના હિતમાં સરકાર દ્વારા યોગ્ય પગલા લેવાય તે જરૂરી છે.* » **ગૌરાંગ ભગત,** પ્રમુખ, મસ્કતી કાપડ માર્કેટ મહાજન

## સપ્લાય આપ્યા પછી પૈસા લેવા ગયેલા વેપારી પર હુમલાનો વિરોધ

# વેપારી પરના હિચકારા હુમલાના વિરોધમાં કાપડનાં ૮૦ બજારોનો જડબેસલાક બંધ

(પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ,ગુરૂવાર

માલનો સપ્યાલ આપ્યા પછી બાકી લેણા લેવા માટે માલ ખરીદનાર વેપારીની વિનંતીથી વેપારીની સાથે જ તેના ઘરે ગયેલા અમદાવાદ ટેકસટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ અને મસ્કતી કાપડ મહાજનના સેક્રેટરી નરેશ શર્મા પર કરવામાં આવેલા હિંચકારા હુમલાના વિરોધમાં આજે ન્યુકલોથ માર્કેટ, મસ્કતી કાપડ માર્કેટ સહિતના ૮૦ બજારોએ જડેબેસલાક બંધ પાડ્યો હતો. આ સાથે જ વેપારીઓ પર લુખ્ખાગીરી કરનારા પરિબળો દ્વારા કરવામાં આ પ્રકારના હુમલાઓ હવે જરાય સાખી નહિ લેવામાં આવે તેવો સ્પષ્ટ મેસેજ બજારના વેપારમાં ઘૂસી



મસ્કતી માર્કેટ (તસ્વીર : ગૌતમ મહેતા)

ગયેલા અસામાજિક પરિબળોને આપી દીધો છે.

આજના જડબેસલાક બંધમાં જોડાયેલા બજારોમાં પાંચ કૂવા માર્કેટ મહાજન, ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ એસોસિયેશન, સિંધા કાપડ માર્કેટ મહાજન, રેવડી બજાર, એલ.કે. ટ્રસ્ટ માર્કેટ, બી.બી.સી. માર્કેટ, કામધેનું માર્કેટ, ધનલક્ષ્મી માર્કેટ, બોમ્બે માર્કેટ, એચ.એ.માર્કેટ, આસ્ટોડિયા રંગાટી માર્કેટ, હીરાભાઈ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, ન્યુકોલ્થ માર્કેટ, ડી.સી.કલોથ માર્કેટ, સુગ્નોમલ માર્કેટ સહિતના ૮૦ બજારોએ સંપૂર્ણ બંધ પાડીને ગુંડાગીરી કરનારા તત્વો સામે

(અનુસંધાન છટ્ઠે પાને)

## માલ ખરીદ્યા પછી ૨૫ ટકા રકમ ચૂકવી પૂર્ણ પેમેન્ટ મળ્યાનું લખાણ કરાવી લે છે : ઘંટાકર્ણ માર્કેટમાં સક્રિય બનેલા અસામાજિક તત્વો બાજુની દુકાનમાં આવેલા માલની ડિલિવરી લઈને માલ વેચી મારે છે